DATE :- 29-10-2025

DIVYA BHASKAR, PAGE - ii, SURAT

સિટી એન્કર

**મેટ્રોના 11 કિમીના આ રૂટ પર 5 કિમીમાં ટ્રેક નાખવાનું કામ પણ પૂર્ણ થઈ ગયું છે**

# મજૂરા ગેટ પર મેટ્રો લાઇન પર ડબલ ગર્ડર લોન્ચિંગ કામગીરી શરૂ, ફ્લાયઓવર બ્રિજ પર પહેલો 36 મીટર લાંબો ગર્ડર મુકવામાં આવ્યો

ટ્રાન્સપોર્ટ રિપોર્ટર | સુરત

મેટ્રો પ્રોજેક્ટ હેઠળ ડ્રીમ સિટીથી કાદરશાહની નાળ સુધીના 11 કિલોમીટર લાંબા એલિવેટેડ સેક્શન પર કામ ઝડપથી ચાલી રહ્યું છે. મંગળવારે મજૂરા ગેટ જંકશન પર એક મહત્વપૂર્ણ એન્જિનિયરિંગ સિદ્ધિ પ્રાપ્ત થઈ હતી. પ્રથમ વખત અહીં બે ગર્ડરનું એકસાથે લોન્ચિંગ શરૂ થયું હતું. 36 મીટર લાંબા ફ્લાયઓવર બ્રિજની ઉપર પ્રથમ ગર્ડર સફળતાપૂર્વક લોન્ચ કરવામાં આવ્યું હતું. આ સેક્શનમાં પહેલો ગર્ડર, 36 મીટર લાંબો, મજૂરા ગેટ ફ્લાયઓવર બ્રિજની ઉપર લોન્ચ કરવામાં આવ્યો હતો જ્યારે બીજો ગર્ડર 46 મીટર લાંબો, ITI કોલેજ નજીક લોન્ચ કરવામાં આવશે.

**આવી રીતે કામ કરવાથી મેટ્રોનું કામ ઝડપથી અને સલામત રીતે થઈ શકશે**



**ટ્રાફિકને અડચણ ન થાય તે પ્રમાણે ગર્ડર લોન્ચ કરવામાં આવ્યો** | બીજી બાજુ, જો ગર્ડર પહેલા શરૂ કરવામાં આવે અને પછી સ્ટીલ ફિટિંગનું કામ કરવામાં આવે તો ફ્લાયઓવરને અસ્થાયી રૂપે બંધ કરવો પડવાની નોબત આવી શકે એમ હતું, જેના કારણે ટ્રાફિક પર અસર થવાની શક્યતા હતી. અધિકારીઓના જણાવ્યા અનુસાર, લાઇન 1 પર અત્યાર સુધીમાં આશરે 5 કિલોમીટર ટ્રેક નાખવાનું કામ પૂર્ણ થઈ ગયું છે. બાકીના વિભાગો પર સિવિલ બાંધકામનું કામ પૂર્ણ ગતિએ ચાલી રહ્યું છે. મજૂરા ગેટ સ્ટેશન આ પ્રોજેક્ટ માટે એક મુખ્ય ઇન્ટરચેન્જ પોઇન્ટ હશે.